**મોદીએ ગુજરાતને આપી મેગા ગિફ્ટ : મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં એમઓયુ સંપન્ન**

# વાંસીબોરસી ખાતે ૧૧૪૧ એકરમાં પીએમ મિત્ર પાર્ક બનશે

## નવસારી ખાતે નિર્માણ પામનાર મિત્ર પાર્કથી ૧ લાખ પ્રત્યક્ષ અને બે લાખ પરોક્ષ નોકરીઓનું સર્જન થશે

નવસારી, તા.૧૩

નવસારીના વાંસીબોરસી ખાતે ૧૧૪૧ એકરમાં પી.એમ. મિત્ર પાર્ક નિર્માણ પામશે. સુરતમાં વીર નર્મદ યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે ગુજરાતમાં પાર્ક નિર્માણ માટે એમ.ઓ.યુ. કરાયો. આ મેગા ઈન્ટીગ્રેટેડ એપરલ પાર્ક દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં રોજગારીની નવી તકોનું સર્જન કરશે સાથે જ ગુજરાતના ટેક્સ્ટાઈલ ઉદ્યોગને વેગવંતો બનાવશે. ગુજરાતમાં એક માત્ર નવસારીના વાંસીબોરસી ખાતે નિર્માણ પામનાર મિત્ર પાર્કથી ૧ લાખ પ્રત્યક્ષ અને બે લાખ પરોક્ષ નોકરીઓનું સર્જન થશે. કેન્દ્રીય કાપડ મંત્રાલયે ગુજરાતના નવસારીના વાંસી બોરસી સહિત સાત રાજ્યોમાં સાત ૅસ મિત્ર પાર્ક મંજૂર કર્યા છે. અહીં કોટન ટુ થ્રેડ, થ્રેડ ટુ ગારમેન્ટ મેન્યુફેક્ચરીંગ અને ફિનિશ્ડ ગારમેન્ટનું વેચાણ અને નિકાસ એક જ જગ્યાથી કરવામાં આવશે. જે વડાપ્રધાનશ્રીના પ૬ વિઝન ફાર્મ ટુ ફાઈબર ટુ ફેક્ટરી ટુ ફેશન ટુ ફોરેન ને સાકાર કરવામાં સહાયરૂપ થશે. ૅસ મિત્ર પાર્ક સ્થાપવા માટે કેન્દ્ર અને રાજ્યો સહભાગીદારીતાથી કામ કરશે. જેમાં રાજ્ય સરકારનો હિસ્સો ૫૧ ટકા અને કેન્દ્ર સરકાર ૪૯ ટકા ઈક્વિટીનો હિસ્સો આપશે. જે કાપડ ઉદ્યોગકારો પ્રત્યેક પાર્કમાં રૂ.૧૦ હજાર કરોડનું રોકાણ કરવા આકર્ષાશે. દરેક પાર્કમાં ઈક્યુબેશન સેન્ટર, કોમન પ્રોસેસિંગ હાઉસ અને કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને અન્ય ટેક્સ્ટાઈલ સંબંધિત સુવિધાઓ જેમ કે ડિઝાઈન સેન્ટર્સ અને ટેસ્ટિંગ સેન્ટર્સ હશે. આ યોજના કાપડના વૈશ્વિક બજારમાં ભારતને મજબૂત સ્થાન અપાવશે.

# રાજ્યમાં ચોવિસ કલાકમાં ૮૭ તાલુકામાં વરસાદ થયો

ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું હોય તેવું લાગી રહ્યું છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૮૭ તાલુકામાં વરસાદ નોંધાયો છે જેમાં નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં સૌથી વધુ નોંધાયો હતો. આ સિવાય અમરેલીમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી.

રાજ્યમાં નોંધાયેલા વરસાદમાં નવસારીના ચીખલીમાં સૌથી વધારે ૪.૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો જેના પગલે ઠેર-ઠેર પાણી ભરાય ગયા હતા. આ સિવાય અમરેલીના ગણદેવીમાં ૩.૫ ઈંચ, ખેરગામ અને નવસારીમાં ૩-૩ ઈંચ, ઉમરપાડામાં પોણા ૩ ઈંચ, ડોલવણમાં ૨.૫ ઈંચ વરસાદ વરસ્યો હતો.

અમરેલીમાં છેલ્લા ૨૪ કલાકમાં મેઘરાજા મન મુકીને વરસ્યા હતા અને શહેરમાં બે કલાકમાં ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો હતો જેથી રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા.



દશામાંનું વ્રત આવતા મહિનામાં આવનાર છે. માતાજીની મૂર્તિ બનાવીને કારીગર કલરકામ કરી રહેલ છે.

# વિપુલ ચૌધરી સહિત ૧૫ આરોપીને ૭ વર્ષની કેદ

## ૨૦૧૩માં રૂ.૨૨.૫૦ કરોડનું સાગરદાણ મહારાષ્ટ્રમાં મોકલાવ્યું હતું : વર્ષ ૨૦૧૪માં ફરિયાદ નોંધાઈ હતી

અમદાવાદ, તા.૧૩

સાગરદાણ કૌભાંડ કેસનો ચુકાદો અત્યારે આવી ગયો છે. ત્યારે દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીને ૭ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી ગઈ છે.એટલું જ નહીં આ કેસમાં ૧૫ આરોપીઓને ૭ વર્ષની જેલની સજા થઈ છે.આજે સાગરદાણ કૌભાંડ કેસનો ચુકાદો આવ્યો છે. દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી આ કેસમાં દોષિત જાહેર થયા છે. આ કેસમાં કુલ ૨૨ લોકો આરોપી છે. જેમાં ૨૨ આરોપીઓ પૈકી ૩ના મૃત્યુ થયા છે. ૨૦૧૩ના વર્ષમાં રૂ.૨૨.૫૦ કરોડનું સાગરદાણ મહારાષ્ટ્રમાં મોકલાવ્યું હતું. ૨૦૧૪માં વિપુલ ચૌધરી સહિતના આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી. સાગરદાણ કૌભાંડમાં પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી સામે ૨૧ હજાર પાનાની ચાર્જશીટ દાખલ થઈ હતી. આ કેસના ૧૯ આરોપી દોષિત સાબિત થયા છે. દૂધસાગર ડેરી સાગર દાણ કેસ મામલે વિપુલ ચૌધરી સામે મહારાષ્ટ્રમાં સાગરદાણ મોકલવા મામલે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસ હાલમાં મહેસાણા કોર્ટમાં ચાલી રહ્યો હતો. ગત વર્ષે આ કેસમાં શંકરસિંહ વાઘેલા અને અર્જુન મોઢવાડીયાને સાક્ષી તરીકે હાજર રહેવા સમન્સ ઈશ્યુ કરાયા હતા. શંકરસિંહ વાઘેલા અને અર્જુન મોઢવાડીયાએ વિપુલ ચૌધરીને એનડીડીબીના ચેરમેન બનાવવા ભલામણ પત્ર લખ્યા હતા. વિપુલ ચૌધરીએ મહારાષ્ટ્રને સાગર દાણ મોકલ્યું, એ જ અરસામાં શકરસિંહ વાઘેલા અને અર્જુન મોઢવાડીયાએ ભલામણ પત્ર લખ્યા હતા. વિપુલ ચૌધરી ઉપર એનડીડીબીના ચેરમેન બનવા દાણ આપવાનો આરોપ લાગ્યો છે. ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી અને મહેસાણાની દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીની છઝમ્એ ગાંધીનગર સ્થિત તેમના બંગલેથી એક દિવસ અગાઉ ધરપકડ કરી હતી. તમને જણાવી દઈએ કે, વિપુલ ચૌધરી પર ૧૭ બોગસ કંપનીઓ બનાવીને રૂ. ૮૦૦ કરોડ ટ્રાન્સફર કર્યાનો આરોપ લાગ્યો છે. મહેસાણાની દૂધસાગર ડેરીમાં કરોડોમાં પ્રોત્સાહન બોનસ ચૂકવી તેની ૮૦ ટકા રકમ પરત મેળવી જ્વેલરીમાં રોકાણ કરવાના તથા મહારાષ્ટ્રમાં વિનમૂલ્યે સાગરદાણ મોકલી મંડળીને ૨૨ કરોડનું નુકસાન કરવા સહિતના કેસમાં સી.આઈ.ડી.એ છ વર્ષ બાદ વિપુલ ચૌધરીની ધરપકડ કરી હતી.

# દ્વારકા મંદિરમાં ટૂંકા વસ્ત્રો પર પ્રતિબંધ

## ભાવિકની લાગણીને ઠેસ ન પહોંચે તે માટે નિર્ણય લેવાયો : ભારતીય સંસ્કૃતિને શોભે તેવા વસ્ત્રો સાથે જ દ્વારકાધીશ મંદિરમાં પ્રવેશ મળશે : દ્વારકા મંદિર

દ્વારકા, તા.૧૩

ગુજરાતનું પ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા હિન્દુ ધર્મનું પ્રમુખ તીર્થધામ છે. અહી રોજ હજારો ભક્તો ભગવાન દ્વારકાધીશના દર્શન કરતા હોય છે. ત્યારે હવે દ્વારકા મંદિરમાં આવતા ભક્તો પર એક મોટો પ્રતિબંધ મૂકાયો છે. મંદિરમાં આવતા યાત્રિકોને ટૂંકા વસ્ત્રો સાથે પ્રવેશ પર પ્રતિબંધ મૂકાયો છે. આ સાથેનું એક બોર્ડ મંદિરની બહાર લગાવવામા આવ્યું છે.

મંદિરના બહાર બોર્ડ મૂકાયું કે, ભારતીય સંસ્કૃતિને શોભે તેવા વસ્ત્રો પહેરેલ હશે તેમને જ દ્વારકાધીશ મંદિરમાં પ્રવેશ મળશે. ભાવિકની લાગણીને ઠેસ ન પહોંચે તે માટે નિર્ણય લેવાયો છે. આ નિર્ણય અંગે તંત્ર દ્વારા અનેક ભાષા સાથે માહિતગાર કરવા બેનરો મંદિરોમાં વિવિધ સ્થળે લગાવવામાં આવ્યા છે. સ્થાનીક તંત્ર, હોટેલ માલિકો, રીક્ષા ચાલકો તેમજ સ્થાનિક નાગરીકો પણ આવતા પ્રવાસીઓને આ નિર્ણય અંગે માહિતગાર કરવા તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે. યાત્રાધામ દ્વારકામાં આવતા યાત્રાળુઓને ભારતીય સંસ્કૃતિ અનુસાર વસ્ત્રો પહેરવા અંગે તંત્ર દ્વારા કડક સૂચના આપવામાં આવી છે.

બનાસકાંઠાના અંબાજી મંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરેલા ભક્તોને પ્રવેશ આપવા નહીં આવે તેવો નિયમ છે. અંબાજી મંદિર ટ્રસ્ટે મંદિરના પ્રવેશ દ્વાર પર બોર્ડ લગાવીને આ અંગેની માહિતી આપી છે. તો શામળાજી મંદિરમાં પણ ટૂંકા વસ્ત્રો પહેરીને આવતા દર્શનાર્થીઓના પ્રવેશ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

# કરજણમાં બે કલાકમાં અઢી ઈંચ જેટલો વરસાદ ખાબક્યો

**નીચાણવાળા વિસ્તારમાં ભરાયા પાણી : કરજણના જૂના બજાર, નવા બજાર, નેશનલ હાઇવે, સિવિલ કોર્ટ, આમોદ રોડ, સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો**

વડોદરા, તા.૧૩

વડોદરા જિલ્લાના અનેક વિસ્તારોમાં વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો. વડોદરા શહેર, કરજણ, ડભોઈ સહિતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. વડોદરા શહેરના રાવપુરા, સમાં, નિઝમપુરા, સયાજીગંજ, ફતેહગંજ, કારેલીબાગ, આજવા રોડ, વાઘોડિયા રોડ સહિત વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. કરજણ તાલુકામાં બે કલાકમાં બે ઈંચ વરસાદ વરસતા રસ્તા પર પાણી ભરાયા હતા. કરજણ શહેરમાં નવા બજાર વિસ્તારમાં આવેલ શાહ એન બી સાર્વજનિક હાઈસ્કૂલમાં પાણી ભરાયા હતા. તે સિવાય કરજણ નવા બજાર વિસ્તારમાં આવેલ જીૈં બેક્ક સામે પણ પાણી ભરાયા હતા. તો કરજણના જૂના બજાર, નવા બજાર, નેશનલ હાઈવે, સિવિલ કોર્ટ, આમોદ રોડ, સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો.

# ગુજરાતનું GIFT સિટી પહેલી વખત આંતરરાષ્ટ્રીય ચર્ચાનું પ્લેટફોર્મ બનશે

## GIFT સિટીમાં G20 પ્રતિનિધિઓ વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, ૧૩

ભારતની પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને દેશની પ્રથમ ફાયનાન્શિયલ ટેક સિટી તરીકે વિખ્યાત GIFT સિટી પહેલી વખત આંતરરાષ્ટ્રીય ચર્ચાનું પ્લેટફોર્મ બનવા જઈ રહ્યું છે. ભારતની ૯૨૦ અધ્યક્ષતા અંતર્ગત ગુજરાતમાં ફાયનાન્સ અને સેન્ટ્રલ બેક્રના ઉપ પ્રમુખોની ત્રીજી બેઠક આયોજિત થવા જઈ રહી છે. આ બેઠકના એક ભાગ તરીકે 'ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટર્સ ડાયલોગ એટ GIFT સિટી' પર મીટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં ૯૨૦ દેશોના મુખ્ય પ્રતિનિધિઓ, નાણા મંત્રીઓ અને કેન્દ્રીય બેક્રના ગવર્નરો સામેલ થશે. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે.

GIFT એટલે કે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી એ ભારતનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર (IFSC) સાથેનું બહુવિધ-સેવા વિશેષ આર્થિક ક્ષેત્ર છે.ૈ હ્વજીઝ એ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ વિશ્વ માટે, એક નાણાકીય અને ટેક્નોલોજી સેવાઓના એકીકૃત કેન્દ્ર તરીકે GIFT સિટીમાં સ્થિત છે.

ઉલ્લેખનીય છે કે આ બેઠકના થોડા દિવસ પહેલા જ ગુજરાતે આંતરરાષ્ટ્રીય સ્તરે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. સિંગાપોરથી ઓપરેટ થતું સિંગાપોર જોઈન્ટ એક્સચેન્જ (SGX નિફ્ટી) હવે સંપૂર્ણપણે ગિફ્ટ સિટીમાં શિફ્ટ થઈ ગયું છે અને હવે તેનું સંચાલન ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર (IFSC)થી શરૂ થઈ ગયું છે.

SGX નિફ્ટી ભારતના નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)ના નિફ્ટી ઈન્ડેક્સ પર આધારિત છે અને ભારત અને સિંગાપોરના મૂડી બજારોને જોડતી પ્રથમ ક્રોસ બોર્ડર (આંતરરાષ્ટ્રીય) પહેલ છે. સિંગાપોર એક્સચેન્જ (SGX) પરથી ઈન્ટરનેશનલ એક્સચેન્જ ઓફ NSE (NSE IX)ના ટ્રાન્સફર સાથે, તેનું નામ GIFT નિફ્ટી રાખવામાં આવ્યું છે.

SGX નિફ્ટીમાં શિફ્ટ થવાની સાથે જ, અંદાજે $૭.૫ બિલિયનન મૂલ્યના ડિનોમિનેટેડ કોન્ટ્રાક્ટના ટ્રેડ્સ પણ હવે સીધા ગુજરાતના GIFT સિટીમાંથી હાથ ધરવામાં આવે છે. આ ટ્રેડની વિદેશી તેમજ ભારતની નાણાકીય સંસ્થાઓ અને ભારતીય અર્થતંત્ર પર સકારાત્મક અસર પડશે. ગુજરાતની આ સિદ્ધિ G20 બેઠક દરમિયાન GIFT સિટીની મુલાકાત લેનારા G20 દેશોના પ્રતિનિધિઓમાં ચર્ચાનો વિષય બની રહી છે.

# રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરતમાં ITનું સર્ચ ઓપરેશન

રાજકોટ, તા.૧૩

રાજકોટમાં ITનું મેગા સર્ચ ઓપરેશન સતત ત્રીજા દિવસે યથાવત. રાધિકા, શિલ્પા અને જે પી જ્વેલર્સમાં મેરેથોન તપાસ ચાલી રહી છે. વર્ધમાન બિલ્ડરને ત્યાં ITની તપાસ દરમિયાન બે દિવસનાં આ સર્ચમાં ૨૫ બેંક એકાઉન્ટ હાથ લાગ્યા છે. ૪ કરોડની રોકડ અને શંકાસ્પદ ડોક્યુમેન્ટ આવકવેરા વિભાગે કબ્જે કર્યા છે. સાથે જ ૧૭ બેંક લોકર ITએ સીઝ કર્યા છે. રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરતનો IT સ્ટાફ સર્ચ ઓપરેશનમાં લાગ્યો છે. ૨૮ સ્થળો એ ITનું આ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આજે ત્રીજા દિવસે પણ સર્ચ ચાલુ રહેશે. લોકરો ઓપરેટ કર્યા બાદ કરચોરીનો સ્પષ્ટ આંકડો બહાર આવશે. રાજકોટના ત્રણેય નામી જ્વેલર્સ અને ત્યાંથી મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો બહાર આવે તેવી શક્યતા છે. રાજકોટના મોટા માથા ગણાતા શિલ્પા, રાધિકા અને જે પી જ્વેલર્સને ત્યાં કાર્યવાહી યથાવત છે. કુલ ૨૦૦ જેટલા અધિકારીઓ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

ત્રણેય જ્વેલર્સના મેનેજર, કર્મચારીઓના બેક્ક એકાઉન્ટ અને મોબાઈલની પણ તપાસ થઈ રહી છે. રાજકોટમાં IT વિભાગે જાણીતા રાધિકા જ્વેલર્સ અને શિલ્પા જ્વેલર્સને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. આશરે દોઢ ડઝનથી પણ વધુ સ્થળોએ આવકવેરા વિભાગે તપાસ હાથ ધરી છે. ગઈકાલની કાર્યવાહી આજે પણ યથાવત છે. રાજકોટની શિલ્પા રાધિકા જ્વેલર્સને ત્યાં દરોડા કાર્યવાહી યથાવત છે. વર્ધમાન બિલ્ડર ગ્રુપની ઓફિસ મકાનમાં દરોડા કાર્યવાહી ચાલી રહી છે.

### ચંદ્રયાન-3

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચંદ્રની સપાટી પર કયા કારણોસર ઉતરી શક્યું નથી તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ચંદ્રયાન-૩ આવતીકાલે બપોરે ૨:૩૫ વાગ્યે શ્રીહરિકોટા કેન્દ્રથી લોન્ચ કરવામાં આવશે અને જો બધુ યોજના મુજબ ચાલશે તો ૨૩ અથવા ૨૪ ઓગસ્ટે ચંદ્ર પર ઉતરશે. આ પહેલા ગઈકાલે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતે ચંદ્રયાન-૩ ધરાવતી એક્રેપ્સ્યુલેટેડ એસેમ્બલી એલવીએમ-૩ સાથે જોડવામાં આવી હતી. આ મિશનથી ભારત અમેરિકા, રશિયા અને ચીન બાદ ચંદ્ર પર સોફ્ટ લેન્ડ કરનાર વિશ્વનો ચોથો દેશ બની જશે.

### બળપ્રયોગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિધાનસભામાંથી ભાજપના ૨ ધારાસભ્યોને માર્શલ આઉટ કરવામાં આવ્યા... ત્યારબાદ રેલી નિકાળી રહેલા ધારાસભ્યો અને નેતાઓ પર પોલીસે લાઠીચાર્જ શરૂ કરી દીધો.

વાસ્તવમાં ભાજપે ગુરુવારે નિતિશ સરકાર વિરુદ્ધ વિધાનસભા માર્ચ યોજવાનો નિર્ણય કર્યો. વિધાનસભાની કાર્યવાહી શરૂ થતાં જ ભાજપના ધારાસભ્યોએ ગૃહમાં હંગામો શરૂ કીર દીધો. નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ બરતરફ કરવાની માંગણીએ જોર પકડ્યું. ભાજપે

ભ્રષ્ટાચાર, રોજગાર અને શિક્ષક નિમણૂક પર સવાલ ઉઠાવ્યા અને ગૃહની વેલ સુધી પહોંચી ગયા.

બિહાર સરકાર વિરુદ્ધ પ્રદર્શન કરી રહેલા ભાજપ નેતાઓને વેરવિખેર કરવા માટે સુરક્ષા કર્મચારીઓએ મોરચો સંભાળ્યો અને પાણીનો મારો, ટીયર ગેસના ગોળા છોડાયા ત્યારબાદ લાઠીચાર્જ કરાયો.

### યમુનામાં પુર

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હીમાં યમુના નદીના પાણીના સ્તરમાં વધારો થવાને કારણે, જીટીરોડ પર શાહદરાથી આઈએસબીટીતરફનો ટ્રાફિક, કાશ્મીરી ગેટથી સીલમપુર ટી-પોઈન્ટ થઈને કેશવ ચોક-કરકરડૂમા કોર્ટ-રોડ નંબર ૫૭-એનએચ-૨૪ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યો છે.

દિલ્હીના વીવીઆઈપી સિવિલ વિસ્તારમાં પણ યમુના પૂરનું પાણી પહોંચી ગયું છે. આ વિસ્તારમાં સીએમ, એલજી સહિત તમામ મંત્રીઓના સરકારી આવાસ છે. આ વિસ્તારના અનેક બંગલામાં પૂરના પાણી ભરાઈ ગયા છે. પૂરથી પ્રભાવિત દિલ્હીમાં જળ સંકટ આવવાનું છે. મશીનોમાં પાણી ઘુસી જતાં ત્રણ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ કરવામાં આવ્યા છે. સીએમ કેજરીવાલે કહ્યું છે કે ૨૫ ટકા સપ્લાય ઘટશે. આ ખુબજ વધુ છે. ૧-૨ દિવસ સુધી સમસ્યા રહી શકે છે. દિલ્હીમાં યમુના તોફાન પર છે. અનેક વિસ્તારોમાં પૂરના પાણી ઘૂસી ગયા છે. આ દરમિયાન દિલ્હીમાં યમુના બેંક મેટ્રો સ્ટેશન પણ પાણી ભરાઈ ગયું છે. જેના કારણે મેટ્રો સ્ટેશનનો રસ્તો બંધ છે. આ સ્ટેશન પર ઉતરતા મુસાફરોને લક્ષ્મીનગર મેટ્રો સ્ટેશન પર ઉતારવામાં આવી રહ્યા છે.

યમુના કિનારે આવેલા તમામ વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે. પાણી ધીમે ધીમે ઉપર જઈ રહ્યું છે. તેની અસર વાહનવ્યવહાર પર પણ જોવા મળી રહી છે.

દિલ્હીમાં યમુના નદીનું જળસ્તર વધવાને કારણે યમુના ખાદર વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. બચાવ કામગીરી ચાલુ છે. એક પોલીસકર્મીએ કહ્યું, "અહીંની સ્થિતિ ખૂબ જ અસામાન્ય છે. અમે લોકોને અહીંથી ખસી જવા માટે સમજાવી રહ્યા છીએ કારણ કે પાણીનું સ્તર ઘણું વધી ગયું છે. અત્યાર સુધીમાં લગભગ ૫૦૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે."

### બેઠકો શરૂ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર આ બેઠકો પછી અભ્યાસ પદ્ધતિમાં કયા પ્રકારનો સુધારો કરવો જરૂરી છે તેના વિશે ખાસ માર્ગદર્શન આપવામાં આવે છે. એસ.એમ.સી.ની સક્રિયતા વધારવા પર પણ ભાર મુકવામાં આવી રહ્યો છે. વિદ્યાર્થીઓની નિસ્પત્તિઓનો ઉકેલ આપવા માટે કેવી વ્યવસ્થા કરવી તેમજ બાળકોની અભિરૂચિ વધે તે વાતને લઈ પણ માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે.

જિલ્લામાં શૈક્ષણિક સ્તરને લઈ વાલીગણ ચિંતાતુર રહ્યો છે. જાહેર પરીક્ષાઓના પરિણામો સતત ઘટી રહ્યા છે તેથી તંત્રએ નવતર અભિગમ સાથે આ બેઠકો શરૂ કરી છે.

### સેફ્ટી સિસ્ટમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૬ વેરીએબલ મેસેજ ડીસ્પ્લે, ૪-લોકેશન ઉપર ઓવર સ્પીડ ડીટેક્શન સિસ્ટમ, ૪ લોકેશન પર વાઈલ્ડ લાઈફ ડીટેક્શન સિસ્ટમ, ૧૩ લોકેશન પર ગેરકાયદેસર પાર્કીંગ ડીટેક્શન સિસ્ટમ, ૪ લોકેશન પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર મોનીટરીંગ સિસ્ટમ, ૨ લોકેશન પર એડવાન્સ્ડ ટ્રાફિક કાઉન્ટર એન્ડ ક્લાસીફાયર સિસ્ટમ, ૧૦ લોકેશન પર ઈન્સીડેન્ટ મેનેજમેન્ટ જેવી અલગ અલગ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે.

આશરે ૧૧ કિલોમીટરના આ માર્ગ સલામતી કોરિડોરમાં ગાંધીનગરના ચ-0 સર્કલથી અમદાવાદના ઈન્દિરા બ્રિજ સુધીના માર્ગમાં રાહદારીઓ, વાહન ચાલકો માટે ઉક્ત તમામ ટ્રાફિક સલામતી પ્રણાલી કાર્યરત કરવામાં આવેલ છે. જેની વાહનચાલકો અને નાગરિકોને નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ થશે.

### આકારણી શાખા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેટલીક અરજીઓ અને વસુલાત વિવાદમાં અટવાઈ હતી. આ પરિસ્થિતિના નિવારણ માટે પણ કામગીરી આકારણી શાખા કરશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં નવા વિસ્તારોમાં જે રીતે વિકાસની ગતિએ વેગ પકડ્યો છે તે નવી મિલ્કતો શોધી અને આકારણીની કામગીરી પણ આ શાખા જ કરશે જેથી આવકના સ્ત્રોતનું સઘનીકરણ થશે.

ગાંધીનગર મનપાની આવકનો મુખ્ય સ્ત્રોત એ મિલ્કતવેરો રહ્યો છે. મિલ્કતવેરાની આવક આ વખતે આજ દિન સુધીમાં ૪૩ કરોડ જેટલી થઈ છે. શહેરમાં નોંધાયેલી મિલ્કતો ૧ લાખ ૮૦ હજાર જેટલી છે. નવી મિલ્કતો શોધવા માટેની ડ્રાઈવ પણ આ શાખાની રચના અને કામગીરી આખરી થયા બાદ હાથ ધરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

### વિક્રમી વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મીટર અને અન્ય વ્યવસ્થા ઉભી કરાઈ છે તેનો ફાયદો પણ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં આ વખતની વરસાદી પેટર્નનો બદલાવ જોઈએ તો માણસા તાલુકામાં સિઝનનો ૫૧.૯૦ ટકા વરસાદ આજ સુધીમાં થઈ ચુક્યો છે. આ પછી દહેગામ તાલુકામાં ૪૪.૬૪ ટકા તો ગાંધીનગરમાં ૩૬.૨૭ ટકા અને કલોલમાં ૨૧.૫૧ ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં સિઝનનો સરેરાશ વરસાદ સરેરાશ ૭૭૭ મી.મી. નોંધાતો હોય છે. જેની સામે અત્યાર સુધીમાં ૩૦૧ મી.મી. વરસાદ થઈ ચુક્યો છે. માણસામાં ૪૧૩ મી.મી., કલોલમાં ૧૭૧ મી.મી., ગાંધીનગરમાં ૨૫૯ મી.મી. તો દહેગામમાં ૩૫૯ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં આ સમયગાળા દરમ્યાન ૨૦૧૮ અને ૨૦૨૧માં વરસાદ ડબલ ડિજીટમાં પણ નોંધાયો ન હતો. આમ વરસાદે બદલેલી પેટર્ન એ જિલ્લામાં આનંદનો માહોલ સર્વત્ર જોવા મળી રહ્યો છે.

### ગરમીનો પારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદી વાદળોની ગેરહાજરી વચ્ચે આકાશ ચોખ્ખુ જોવા મળી રહ્યુ છે જેના લીધે વરસાદી વિરામ વચ્ચે ગરમીનુ પ્રમાણ વધ્યુ છે. જયારે વાતાવરણમાં ઉકળાટ યથાવત રહેતા આજે પણ શહેરીજનો પરસેવે ભીંજાયા હતા. ગરમીનો પારો ગઈકાલની સાપેક્ષમાં એક ડીગ્રી ઉંચકાયો હતો. મહત્તમ તાપમાન ૩૨.૫ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૬ ડીગ્રી રહ્યુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માંડ ૬.૫ ડીગ્રીનો તફાવત નોંધાયો છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૮૦ થી ૯૦ ટકા વચ્ચે જોવા મળી રહ્યુ છે. શહેરમાં પુરતા વરસાદના લીધે હરિયાળી નિખરી છે તો બીજીતરફ વરસાદી સમસ્યાઓ પણ સ્થાનિકો માટે ડગલે ને પગલે હાલાકીનુ કારણ બની રહી છે. હવામાન તજજ્ઞોના મતે આગામી તા ૧૫ થી ૨૦ જુલાઈ તેમજ જુલાઈ અંતથી ઓગષ્ટના પ્રથમ સપ્તાહ દરમિયાન ભારે વરસાદ આવવાની સંભાવના છે. જયારે હવામાન નિષ્ણાંતોના જણાંવ્યા મુજબ રાજયમાં વિવિધ ઠેકાણે ધોધમાર વરસાદ વરસશે જયારે જુલાઈ મહીનાના અંતે તેમજ ઓગષ્ટના પ્રથમ સપ્તાહ દરમિયાન જ મોટાભાગના વિસ્તારમાં સિઝનનો પુરતો વરસાદ થઈ જશે.

### વિભાગને દરખાસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે પાઈપ લાઈનનું હયાત નેટવર્ક ક્યાંક અપૂરતું અને જુનું હોવાથી તેમાં સડ લાગતા લીકેજીસ ની સમસ્યાના લીધે પણ ઘણીવાર પાણીનો પ્રશ્ન પેચીદી બને છે સેક્ટારોની જેમ આ વિસ્તારમાં પણ સરિતા અને ચરેડી વોટર વર્ક્સ ના આધારે પાણીનો સપ્લાય આપવામાં આવે છે. જ્યારે આગામી સમયમાં આ નેટવર્ક અપગ્રેડ થયા બાદ પાણી ફોર્સથી અપાશે ત્યારે શહેરી ગામોની જુની તેમજ બિનઉપયોગી બનતી જાય છે આ વિસ્તારમાં પાણીની લાઈન નું કામ હાથ ધરવા માટે અંદાજિત ૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે જે સંદર્ભે વિભાગને દરખાસ્ત પણ મોકલી દેવામાં આવી છે.

### હળવે હૈયે

અનુસંધાન ચોથા પાનાનું શરૂ

ફરજના ભાગરૂપે કરેલા પ્રયાસો, ઉચ્ચ અધિકારીઓ અને સહકર્મીઓની, 'સ્પીપા'માં કરેલી - કરાયેલી - નામના અપાવે એવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ - વગેરે વિશે વિગતવાર-માંડીને વાતોમાં લેખિકાનો ઉત્સાહ અને આનંદ અનુભવાય છે. પોતાના જીવનમાં બનેલા એક એક પ્રસંગ-પ્રત્યેક સુખદને દુઃખદ ઘટના, પોતાની સાથે સગપણથી કે મિત્ર તરીકે, સહકર્મી તરીકે જોડાયેલ પ્રત્યેક વ્યક્તિ-દરેક પાત્ર વિશેની નાની-મોટી વાતોને પોતાની આત્મકથામાં આવરી લેવા માટે સર્જકની યાદશક્તિ અને ધીરજને ધન્યવાદ આપવા જ પડે. ખૂબ ઝીણી ઝીણી બાબતોની વિશદ માંડણી, વિગત રજૂઆત છતાં અભિતાભ બચ્ચનને મળ્યા પછી હું અને તેઓ અમે બંને બધુ યુવાન થઈશું અને 'હું તો પરાણે કોઈની પાછળ પડી જાઉં એવી જ છું' જેવાં વિધાનો થકી સમગ્ર લખાણ રસપ્રદ બને છે. દરેક વાતને ઘૂંટી ઘૂંટી બહેલાવીને જીવનકથામાં એમણે ગૂંથી છે. ક્યાંક ગંભીરતાથી, ક્યાંક હળવા મૂડ સાથે, ક્યાંક અતિ ભાવુક તો ક્યારેક ફિલોસોફર બનીને (જીવનમાં વાત કરી ગયા પછી જ કાંમકી મળતી હોય છે...' કે 'જે જ્ઞાનથી ચિંતા થાય, બીક લાગે એવું જ્ઞાન મળવા કરતાં હું અજ્ઞાની જ સારી છું' વગેરે...), ટૂંકા પણ સચોટ વાક્યો દ્વારા કરાયેલી અભિવ્યક્તિ હૃદયને જરૂર સ્પર્શી જાય છે. આ જ 'સર્ગ'માં જાગૃતિ-પંકજભાઈના લંડન, યુરોપ, ઓસ્ટ્રેલિયા સહિતના વિદેશ પ્રવાસો અને દેશમાં કરેલા પ્રવાસોની વાતો માણવી ગમે એવી રીતે રજૂ થઈ છે. નિવૃત્તિથી અને સાસુમા દયાબાના અંતિમ પ્રયાણ થકી જીવનમાં છવાયેલા શોક-દુઃખની અભિવ્યક્તિ સાથે આ સર્ગ એમણે પૂરો કર્યો છે.

છેલ્લા સર્ગ 'હું જ મારો અરિસો'માં આત્મકથાનાં લેખિકા પોતાના વિશાળ સખીવૃંદની, નાટ્યકલાકાર હોવાના નાતે ખેડેલી નાટ્યયાત્રાની વાતો પણ કરે છે... ને અંતમાં પોતાના હકારાત્મક અભિગમ અને ઈમાનદાર પ્રયાસો તથા પ્રતિબદ્ધતા થકી. જીવનમાં જે જે પ્રસંગોમાં ધારી સફળતા મેળવી શક્યાં છે તેની યાદી પણ રજૂ કરી છે...

જાગૃતિ ત્રિવેદીનું આ પેહલુ જ પુસ્તક છે પરંતુ ભાષા, શૈલિ, વિચારોના ઊંડાણ, ઠેર ઠેર ભાવ પ્રધાન વાતને અનુરૂપ મૂકાયેલ, એમના પપ્પા કવિ શ્રી હસમુખ મઢીવાલા સાહેબની કાવ્ય પંક્તિઓના કારણે આત્મકથા 'હું...તું અને તમે' સંવેદનાભરી, હૃદયના તાર ઝલઝણાવી મૂકે એવી સમૃદ્ધ બની છે. એથી જ આપણાં જાણીતા સર્જક સુશ્રી વર્ષા અડાલજાએ પુસ્તકના છેલ્લા ટાઈટલ ઉપર લખ્યું છે એમ 'આત્મકથા તાજી હવાથી લહેર થઈને આવી છે...' અને '...જાગૃતિએ જિંદગીને બાઈક ગતિથી દોડાવીને, અવરોધો પાર કરીને, જરાય રોદણાં રડ્યા વિના ખેડેલી જીવનસફરની આ રસભર કથા' બની રહે છે. બીજા જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ પુસ્તકના 'આમુક'માં જેને 'આત્મકથા નહીં પણ કુળકથા' અને 'ખુદ વફાઈનો મનભાવન દસ્તાવેજ...' તથા 'ગદ્યમાં આલેખાયેલ લાગણીઓનું સપ્તરંગી મેઘધનુષ' કહી નવાજી છે. એવી આ આત્મકથા વાંચવી જ રહી. વેલડન જાગૃતિબેન અને તમારી કલમનેથી વધુ બળુકા-રસપ્રદ સર્જનો મળે એ માટે વેલકમ જાગૃતિબેન!!